## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

આવ, બેસ, કર ગપસપ બાકી છોડને યાર
બોલીનાખ, મૂંઝાયા વગર મૌન તોડને યાર
એકલા એકલા મથામણ કરે કઈ નહીં વળે
રાખી મૈત્રીભાવ, શબ્દોનો સેતુ જોડને યાર

- જયકિશન દાણી

### પાથેય

- રમેશ ઠક્કર

## મેરી દોસ્તી મેરા પ્યાર..

મિત્રતાને કોઈ સરહદ હોતી નથી...એ હંમેશાં અનહદ હોય છે..એવું કહેવાય છે કે દુનિયાનું સૌથી સલામત અને વિશ્વાસપાત્ર સ્થળ એ મિત્રનો ખભો હોય છે...જયાં માથું ટેકવી તમે નિરાંતે રડી શકોછો..ફ્રેન્ડશીપશીપ બેલ્ટથી બંધાતી આજની મિત્રાચારીમાં વિશ્વસનિયતા કમ અને દેખાદેખી ભરપુર છે...

દોસ્તી કિસ્મતથી મળે છે અને વિશ્વાસથી પાંગરે છે..એમાં લેણદેણ પણ હોય છે...અંગ્રેજીમાં કહેવાય છે કે **Friend in need is friend indeed...** સાચી મિત્રતામાં બેવફાઈ નથી હોતી...વર્ષો પહેલાં એક સુંદર હિન્દી ફિલ્મ આવી હતી 'દોસ્તી'...જેમાં અંધ અને દિવ્યાંગ એવા બે મિત્રોની અતૂટ લાગણીભીની મિત્રતાનું ભાવવાહી ચિત્રણ હતું.જેનું સુંદર ગીત **કોઈ જબ રાહ ન પાયે... મેરે સંગ આયેં... કે પગ પગ દીપ જલાયેં.... મેરી દોસ્તી મેરા પ્યાર...** અદભુત હતું...દોસ્તી બિનશરતી હોય છે..એ નિસ્વાર્થ હોય છે..એટલે જ કહેવાયું છે..

ના કશી પણ માગણીનું કામ છે
દોસ્તી બસ લાગણીનું ધામ છે..

પન્નાલાલ પટેલની 'સુખદુ:ખનાં સાથી' નામની વાર્તામાં દિવ્યાંગ ચમનો અને અંધ જમની એવાં અસહાય ભિખારી પાત્રોની અજીબ દોસ્તી વર્ણવાઈ છે..જેમાં પ્રારંભે ભીખ માગવાની હરિફાઈ મજબૂરી અને ક્રમશઃ અનુકંપા અને પ્રેમ...જીવંત પાત્રો લાગણીના નાજુક તાંતણે જિંદગીની લીલીસૂકીને કેવી રીતે સહ્ય બનાવે છે એનું અદ્ભુત આલેખન આ કથામાં છે..આ વાર્તા અચૂક વાંચવા જેવી છે.

મિત્રતા કૃષ્ણ સુદામાની હોય..ભગવાન રામ કે વિભિષણની હોય...ગાંધી અને અબ્દુલ ગફારખાનની હોય..ફોર્બસ કે દલપતરામની હોય..એમાં મુખ્ય બાબત સ્વાર્પણ હોય છે...સંબંધોની ભાતીગળ પરિભાષા હોય છે..વાલપુરાની અમારી ધુળિયા શાળામાં સાડા ત્રણ દાયકા અગાઉ ત્રીજા ધોરણમાં સાથે ભણતો મિત્ર શબ્બીર વોરા કલકત્તામાં રહે છે..ઘણા વરસે એની દિકરી અને જમાઈ સાથે એ મળ્યો ત્યારે યાદ રાખી ને મારા માટે મિઠાઈ લઈ આવ્યો હતો...આવો ઉપહાર યાદગાર હોય છે.. આપણે 'તું' કહી શકીએ એવી બે જ વ્યકિત ઈશ્વરે સર્જી છે..એક મા અને બીજો ભાઈબંધ..મિત્રતા બધી અડચણોને અતિક્રમી જાય છે...આજે પણ અનેક લોકો સાથે ભાઈબંધી થાય છે..જેમાં ઘણી જીવંત રહી જાય છે..ઘણી વિલાઈ પણ જાય છે..જે વિલાઈ જાય એ સગવડ હોય છે..ટકે છે એનું નામ મિત્રતા હોય છે.....

એટલું ચોકકસ કે અભાવો અને દુઃખમાં થયેલી મિત્રાચારી હંમેશાં ટકાઉ હોય છે..આપણા ઐશ્વર્ય કે સફળતા સાથે આવતી મૈત્રી એટલી વિશ્વસનીય નથી હોતી...મિત્રતા એ મોંઘો ઉપહાર છે....સારા મિત્રો મળવા એ કિસ્મતની વાત છે...જયાં મૈત્રીભાવ મ્હેંકતો હોય ત્યાં કોઈ અભાવ ટકી શકતો નથી...દુનિયાનું સૌથી વિશ્વાસપાત્ર સ્થળ એ મિત્રનો ખભો હોય છે..જયાં તમે નિશ્ચિત બનીને ટેકો લઈ શકો છો...

# બેફામ બનતા બાબુઓને નાથવા જોઈએ

**તંત્રીસ્થાનેથી...**

ચેનલો અને અખબારી એપ્સ કેટલીક ક્રૂર ઘટનાઓના વીડીયો જાહેર કરીને ચેતવણી આપતી હોય છે : આ વીડિયો તમને વિચલિત કરી શકે છે. આવા વીડિયો કાં તો કોઈ બાળકને ટ્રકના રાક્ષસી પૈડા નીચે કચડાતું કાં તો કોઈને ધસમસતી ટ્રેન સામે કૂદી પડીપળ વારમાં પોતાની જ કાયાના ફુરચેફૂરચા ઉડાડતું બતાવે છે. કયારેક કોઈ કોડભરી કન્યા પરીક્ષામાં સારું પ્રદર્શન નહીં કરી શકાય એ ધાકમાં ને ધાકમાં હોસ્ટેલના ધાબા પર ચડી જઈ પડતું મૂકી જિંદગીનો અંત આણતી વરતાય છે તો કયારેક પતિ દ્વારા જ એની સાથે પ્રેમલગ્ન કરીને આવેલી પ્રેમાળ સ્ત્રી પતિ દ્વારા અપાતા ત્રાસને કારણે સાબરમતીમાં ઝંપલાવી દેતી દેખાય છે. કોઈ કોઈ વાર તો વાંચતાં પણ કમકમાટી આવે એવી કબૂલાત કરતી યુવતીઓ એમના પતિ દ્વારા જ થતા પોતાના દેહવિક્રયની વાત માંડી બેસે છે. આવી અનેક દુર્ઘટનાઓ વાંચી કે જોઈને કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિનું કાળજું કંપી જ ઊઠે. પરંતુ શું એક ઉચ્ચ પદ પર બેઠેલી મહિલા સનદી અધિકારીના ઘરેથી કરોડોનો જખીરો મળી આવે તે ઘટના પણ દિલ દહેલાવનારી ના ગણાય ? એક સામાન્ય કલાસ-ટુ અધિકારી રાજાશાહીથી રહેતો હોય અને આવકનાં જાણીતાં સ્ત્રોત કરતાં હજાર ગણી અસ્કામતો ધરાવતો હોય, એનો ભંડો ફૂટે ત્યારે આપણે સામાન્ય નાગરિકો વિચલિત ના થઈ જઈએ ? ભ્રષ્ટાચાર જયારે શિષ્ટાચારનો પર્યાયવાચી શબ્દ બની રહ્યો હોય ત્યારે આવી ઘટનાઓ રોજેરોજ આપણી આસપાસ જ સાકાર થતી જોવા મળતી હોવા છતાં આપણે એથી વિચલિત થતા નથી તે હકીકત છે. જૂના ખખડધજ સ્કૂટર પર દોડાદોડી કરીને માંડ બે ટંકનો રોટલો કમાનાર વિશિષ્ટ જ્ઞાતિ સમાજ પરની એની પકડને કારણે રાજકીય પાર્ટીની ટિકિટ મેળવીને બે-પાંચ વર્ષમાં કેટલો બદલાઈ જતો હોય છે તે આપણે સૌ નરી નજરે જોતા હોઈએ છીએ. એની બેફામ આર્થિક પ્રગતિ પાછળ કોઈ ધંધા રોજગારનો બેઝ નથી હોતો. એ નાગરિક મટીને નેતા બની ગયો છે એટલે લક્ષ્મીજી એને મળવા સામે ચાલીને દોડી આવે છે. ઝારખંડનાં સિનિયર આઈએએસ અધિકારી અને ઉદ્યોગ તથા ખાણ ખનિજ વિભાગનાં સચિવ પૂજા સિંઘલ પર 'આઈટી'ની રેડ પડતાં અઢળખ નાણાં પકડાયાં છે. કરોડો રુપિયાની નોટોનાં બંદલ એમના ઘરેથી અને એમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના નિવાશ સ્થાનેથી કબજે કરાયાં છે. એક બાહોશ વહીવટકુશળ સચિવ તરીકેની ઊંચી ઈમેજ ધરાવતા પૂજા સિંઘલ એકવીસ વર્ષની ઉંમરે તો સનદી અધિકારી બની ગયાં હતાં. એમની કુશાગ્ર બુદ્ધિમત્તાને કારણે એમની બેચની બીજી મહિલાઓ એમને ભવિષ્યનાં 'કેબિનેટ સેક્રેટરી' તરીકે કલ્પતી થઈ ગયેલી. ભ્રષ્ટાચાર માત્ર પુરુષ અધિકારીઓનો ઈજારો નથી. અધિકારી માત્ર બે નંબરનાં નાણાં ભેગા કરી સમૃદ્ધ થવાની ચાલી આવતી પરંપરાને સહજ માનીને ઓછાવત્તા અંશે આ પ્રવૃત્તિમાં લપટાય છે. 'રેરેસ્ટ ઓફ રેર' એવા માંડ પાંચ-દસ ટકા અધિકારીઓ જ એમની સ્લેટ કોરી રાખી શકે છે અને એમના શ્વેત લેબાસ પર ડાઘ પડવા દેતા નથી. તિજોરીની લૂંટ ચલાવવામાં લાલુ યાદવને ભોઠા પાડે એવાં આ પૂજા સિંઘલ તો છીંડે ચડી ગયેલાં 'ચોર ' છે. - બાકી બધા જ સનદી અધિકારીઓની તટસ્થ તપાસ કરવામાં આવે તો ભાગ્યે જ કોઈ કોરો કે કોરી નીકળશે. કયારેક રાજકીય હેતુસર આવા અધિકારીઓ પર ધોંસ બોલાવાતી હોય છે, ખાસ તો એ કેન્દ્ર સરકાર કરતાં પ્રદેશ સરકારને વધુ વફાદાર રહી, કેન્દ્રની ઈચ્છા મુજબ વર્તવાની ધરાર ના પાડી દે ત્યારે. આવા અધિકારીઓ સાચા અર્થમાં ફક્ત રુપિયા રળવા માટે જ અને નહીં કે 'સેવા' કરવા માટે સનદી સેવામાં જોડાતા હોય છે. આપણે ત્યાં આવા અધિકારીઓનો તોટો નથી ; એમનાં કાળાં કરતૂતોથી શાસક પક્ષ, વિપક્ષ અને જનતા કે મીડિયા અજાણ નથી હોતા. પરંતુ એમની આસપાસ જડબેસલાક રક્ષાકવચ હોય છે. લોકાયુક્ત કે વિજિલંસ કમિશન આવા અધિકારીઓની સામેની ફરિયાદો વર્ષો સુધી દબાવી રાખે છે. ભાગ્યે જ કોઈ સનદી અધિકારીને નાણાંકીય ભ્રષ્ટાચાર બદલ સજા થતી હોય છે. આઈએએસ લોબીને રાજકીય નેતાઓ પણ શક્ય એટલી વધારે સાચવે છે. આખરે તો એમની સહીથી ઓર્ડર કરાવવાના હોય છે. અને ચૂંટણી ભંડોળથી લઈ અંગત કામો માટેનાં બે-નંબરી નાણાં પણ એમના જ ઈશારે છૂટાં થતાં હોય છે. આને માટે હવે 'વહેવાર' જેવું સામાજિક નામ આપી દીધું છે. 'વહેવારમાં તહેવાર નહીં' - એ રૂઢિપ્રયોગ તો જાણે છોને ? બધું તાબડતોબ નિપટાવી દેવાય છે પણ પછી જયારે કોઈ સળી કરે અને ઉપર બેઠેલી સરકારને લાગે કે બોધપાઠ ભણાવવાની તક આવી છે ત્યારે ઈન્કમટેક્સ, સીબીઆઈ અને ઈડી જેવા ડાઘિયા છોડી મૂકે છે. આ રાષ્ટ્રદ્રોહથી નાનો ગુનો નથી, પણ આપણા ઉદારમતવાદી તંત્રમાં આ તો 'પરંપરા' છે!

# આપણે પ્રેમભાવ અને સંપીને રહેવાનું કેમ ભૂલી ગયાં છીએ?




જિદગીને ગમે તેટલી પોઝિટિવ રીતે જોઈએ તો પણ એવું લાગે છે કે સમાજમાં કેટલાંક પરિવર્તનો વિશે વિચાર કરવાની જરૂર છે. સાધનો, યંત્રો અને ઉપકરણો બેસૂમાર વધી રહ્યાં છે. જીવનને વધુને વધુ સરળતાથી, કષ્ટ વિના જીવી શકાય તેવાં સાધનોની સંખ્યા દરરોજ વધી રહી છે. આમ છતાં સમસ્યાઓ પણ પારાવાર વધી રહી છે.

સાધનો અને સુખ-સગવડનો ઢગલાઓ વચ્ચે આધુનિક માણસ કેમ આનંદનો અનુભવ કરતો નથી તેનો વિચાર કરવા જેવો છે. અંતરથી-અંદરથી જે પ્રસન્નતા જન્મવી જોઈએ તે કેમ જન્મતી નથી તે શોધવા જેવું છે.

જો એ શોધવા જવું હોય તો અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી ભગવાનનગરની ચાલીમાં એક આંટો મારવા જેવો ખરો. અમદાવાદના પાલડી-મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે 'ભગવાનનગરની ચાલી' આવેલી છે. ૧૯૩૨માં આ ચાલીની સ્થાપના થઈ હતી. આ ચાલીમાં ૩૦ ઘર છે. અનેક રીતે વિશેષ કહી શકાય તેવી આ ચાલીના રહીશોએ કોરોનાના કપરાકાળમાં, ખૂબ સાવચેતી સાથે, પોતાના હૃદયમાં પડેલા અખૂટ પ્રેમ, લાગણી, સંવેદનશીલતા અને પરસ્પરની ઉત્કટ ભાવના સાથે ચાલીનો ૯૧મો જન્મદિવસ ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ આનંદ અને ઉત્સાહ સાથે ઊજવ્યો હતો. નવ દશાબ્દિ મહોત્સવની ઊજવણી નિમિત્તે અહીં પંચામૃત કાર્યક્રમ યોજાયો હતો. ૧. જન્મદિવસની ઊજવણી, ૨. જે લોકો આ ચાલીમાં રહીને ગયા અને આજે પણ રહે છે તેમના પૂર્વજોનો ઋણ સ્વીકાર, ૩. માતૃભૂમિ ભારતમાતાની આઝાદીના ૭૫ વર્ષની ઊજવણી, ૪. ચાલીની દીકરીઓનું પૂજન અને અર્ચન, ૫. 'ભગવાનનગરની ચાલી' મિત્ર મંડળ ક્રેડિટ સોસાયટી દ્વારા ઊભી થયેલી અને ટકી રહેલી સામાજિક સમરસતાસભર કૌટુંબિક ભાવનાની અભિવ્યક્તિ કરવી. ખરેખર, પ્રોફેસર નવીનભાઈ પટેલના માર્ગદર્શન અને નેતૃત્વમાં આખો દિવસ, યાદગાર ઊજવણી થઈ હતી.

એક ઘરમાં પણ પરિવારજનો સંપીને રહી શકતા નથી તેવા (ન ગમે તેવા) સમયકાળમાં આપણે જીવી રહ્યા છીએ. એવી સ્થિતિમાં 'ભગવાનનગરની ચાલી' ના ૩૦ પરિવારજનો નેવું વર્ષથી એક જ પરિવારની જેમ વસી રહ્યા છે. ખરેખર માનવામાં ન આવે, પરંતુ જાણીને રાજીના રેડ થઈ જવાય તેવી આ વાત છે. વર્ષો પહેલાં પાલડીના ખેડૂત ભગવાનભાઈનાં અહીં ખેતરો હતાં. ટેકરાનો આખો વિસ્તાર 'ભગવાનભાઈના ટેકરા' તરીકે ઓળખાય છે, જેમાં ૨૦-૨૫ સોસાયટી અને ફ્લેટો હશે.. 'ભગવાનનગરની ચાલી'માં શરૂઆતમાં તો પતરાંવાળાં ઘર હતાં.

ભગવાનદાસ પટેલે ખૂબ જ પ્રેમથી આ ચાલીનું પોતાની અંગત દેખરેખ હેઠળ નિર્માણ કરાવ્યું હતું. સિમેન્ટને બદલે ચૂનાથી બાંધકામ થયું હતું. ચક્કીમાં ચૂનો પીસાતો અને દિવાલોમાં વપરાતો. ચૂનો જૂનો થાય એમ વધારે જામે, ચાલીમાં રહેતા પરિવારજનોનો પ્રેમ પણ ચૂનાની જેમ પરસ્પર વધારે જમાવટ કરી રહ્યો છે.

આ ચાલીમાં અનેક ધૂરંધરો રહી ગયા છે. ચાલીના એક મકાનમાં મોક્ષાકરરાવ વિશ્વબંધુ નામના જૈન મુનિ રહેતા હતા. સિધ્ધ હતા. (તેમના જીવન પર આધારિત ખૂબ સુંદર ગુજરાતી ફિલ્મ બની હતી: જીગર અને અમી. આ ફિલ્મ ખૂબ જ વખણાઈ હતી. આ ફિલ્મ જોવા જેવી છે.) આ મકાનમાં તેઓ તેજાબ ભરવાની કાચની મોટી બોટલ રાખતા. તેમની પાસે એવી સિધ્ધિ હતી કે તેઓ કોઈ પણ વ્યક્તિના જીવાત્માને બાટલામાં બોલાવીને તેમના વારસદારો સાથે વાતચીત કરાવી શકતા. અનેક લોકો અહીં પોતાના પૂર્વજોના જીવાત્માઓ સાથે વાત કરવા આવતા હતા. અહીં રંગ અવધૂત અવારનવાર મળવા આવતા હતા. આજે પણ રંગ અવધૂતના ઘણા અનુયાયીઓ આ ઘરમાં ધ્યાન કરવા આવે છે. ઘણા ભક્તો તો આળોટે છે. એક જમાનામાં અહીં અમદાવાદના શ્રેષ્ઠ લોકો રહેતા હતા જેમ કે, કેળવણી નીરિક્ષક, જુદી જુદી શાળાના આચાર્યો વગેરે. આ ચાલીની વિશેષતા છે પ્રેમભાવ અને સંપ. ગુજરાતીમાં

**અનુસંધાન પાના નં. ૭ પર**

## દિન મહિમા

- મહારાણા પ્રતાપ જન્મ જયંતિ
- ગોપાલ કૃષ્ણ ગોખલે જન્મ જયંતિ
- ઈશ્વર પેટલીકર જન્મ જયંતિ, ગુજરાતી લેખક અને પત્રકાર

આજનું
## ઔષધ

- કીડનીની પથરીમાં સરગવાના મુળનો તાજો ઉકાળો ફાયદાકારક છે.

## ખડખડાટ

- એક ભાભા ગામના ચોરે બેઠા બેઠા છાપુ વાંચતા હતા અને એમને એક ખબર વાંચી ને સંભળાવ્યા "કાલે ચાઇના ના પ્રધાનમંત્રી ભારતના પ્રવાસે"
ત્યાં બાજુમાં બેઠેલા બીજા ભાભા બોલ્યા.. "ચાઇના ના આવે છે... તો ઓરિજીનલ કે' દી આવશે...??

આજનો
## વોટ્સએપ

- કોકના વ્યક્તિત્વ પર PHD કરવા કરતા... પોતાના વ્યક્તિત્વ પરનું RESEARCH વધુ સારૂ પરિણામ આપે..!

# દેશ માટે, સમાજ માટે, રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવના અંતરમાં પ્રગટે તો જ ચૂંટણીમાં ઝંપલાવવું એવો દૃઢ નિર્ધાર કરવો દરેક નેતાની નૈતિક ફરજ ગણાય




**આ દેશમાં લોકોને કેન્દ્રમાં રાખનાર જે મહાપુરુષો થઈ ગયા તેમાં શ્રીકૃષ્ણ સૌથી મહાન હતા. સોનાની દ્વારિકામાં રહ્યા છતાં પણ તેઓ વ્રજવાસી ગોવાળિયાને વીસર્યા નહોતા, પોતાની ગાયોને વીસર્યા નહોતા. તેમને સામાન્યજનો તરફથી જે પ્રેમ મળ્યો તે તેમને મહેલાતોમાંથી નથી મળ્યો."**

**- મનુભાઈ પંચોળી**

દેશને કેવા પ્રકારનો નેતા, કેવો શાસક જોઈએ તેવી ચર્ચા દરેક નાના-મોટા સર્કલમાં વ્યાપક રીતે ચાલી રહેતી છે. ભારત દેશ એ પરંપરા અને સંસ્કૃતિનો મહાન વારસો ધરાવનાર દેશ છે. અનેક મહાપુરુષોએ આ દેશનો આદર્શ શાસક કેવો હોવો જોઈએ તેના સચોટ ઉદાહરણ જીવંત સ્વરુપે જ દુનિયા સમક્ષ જીવી બતાવ્યા છે. ચૂંટણી સમયે મોટા-મોટા વાયદાઓ અને ત્યારબાદ પોતાની એશ-આરામની જિંદગીમાં જીવતા સામાન્ય જનને સાવ ભૂલી જ જવું એવા નેતા હોવા તે દેશનું દુર્ભાગ્ય ગણાય. દેશ માટે, સમાજ માટે, રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવના અંતરમાં પ્રગટે તો જ ચૂંટણીમાં ઝંપલાવવું એવો દૃઢ નિર્ધાર કરવો દરેક નેતાની નૈતિક ફરજ ગણાય.

આપણા દેશના તમામ નેતાઓ ચૂંટાઈને આવ્યા બાદ કયા કયા કાર્યોને પ્રાથમિકતા આપવી અને કયા કાર્યો ત્વરિત ગતિએ કરવા તેનું એક લિસ્ટ બનાવીને તેનો ઝડપથી નિકાલ કરવાની શરુઆત કરે તો જ આખી સિસ્ટમને સુંદર અને વ્યવસ્થિત બનાવી શકાય. પરંતુ, મોટા ભાગના લોકોનું એમ માનવું હોય છે કે હજી ઘણો સમય છે માટે આરામથી અને રાબેતા મુજબ જ કામ કરવું. શ્રી ગુણવંત શાહે 'સામ્પ્રત' ત્રિમાસિકમાં એક સુંદર વાત લખી છે :

'કથા એવી છે કે યુધિષ્ઠિર બેઠા હતા ઈન્દ્રપ્રસ્થના રાજા તરીકે અને એક ભિખારી એમની પાસે ભીખ માંગવા આવ્યો. યુધિષ્ઠિર કામમાં હતા એટલે કહ્યું : "કાલે સવારે આવજે, હું તને આપીશ.' ભિખારી ચાલવા માંડ્યો. ભીમે જોયું કે ભિખારી આવ્યો અને ભિખારીએ યાચના કરી, મોટાભાઈએ કહ્યું કે, કાલે આવજે સવારે.." એટલે ભીમે એક ઢોલક ઉપાડ્યું મોટું, અને ઢોલક વગાડતો વગાડતો ઈન્દ્રપ્રસ્થ ભણી જવા માંડ્યો. યુધિષ્ઠિરને નવાઈ લાગી કે આ શું છે ? એટલે એણે કહ્યું: 'તુ કેમ આ ઓચિંતુ ઢોલ લઈને જવા માંડ્યો ?' ભીમે જવાબ આપ્યો : "મોટાભાઈ, હું ઈન્દ્રપ્રસ્થના નગરજનોને જણાવવા માંગુ છું કે યુધિષ્ઠિરે કાળ પર વિજય મેળવ્યો છે. તો યુધિષ્ઠિર કહે : "કેમ તું એમ કહે છે ? મેં તો કાળ પર વિજય નથી મેળવ્યો."તો કહે, 'તમે ભિખારીને કાલે આવવાનું કહ્યું. તમને ખાતરી છે ને કે કાલે તમે હશો? અને તમે કાલે હો કદાચ, પણ ભિખારી હશે એની ખાતરી છે? એ મરી પણ જાય. બીજી વાત, કાલે

તમે એને થોડી સોનામહોર આપી શકો એટલી સોનામહોર તમારી પાસે હશે જ એવું તમે કેમ માની લીધું ! આ ચાર સવાલ ભીમે પૂછ્યા. ભીમ તત્ત્વજ્ઞાન માટે જાણીતો નથી. પણ એણે યુધિષ્ઠિરને પણ ભણાવ્યા."

તમે લોકતંત્રમાં પ્રવેશો ત્યારે તમારી ફરજને જ જીવનનું પ્રાધાન્ય બનાવો અને કયાંક ચૂક થાય તો આ પ્રકારે ભીમ જેવા સહાયક મિત્રો પણ રાખો કે જે તમને તમારી સાચી ભૂલ દર્શાવી શકે. આપણે ત્યાં નેતાની સાથે જીહજૂરી કરનારી આખી ટીમ મોજૂદ રહે છે. પણ સાચા અને કટુ વેણ કહી શકનાર એક વ્યક્તિનું હોવું પણ એટલું જ જરૂરી છે. આપણે જે ભૂમિ પર વસીએ છીએ તે માતૃભૂમિનું ઋણ અદા કરવાનો એક ઉત્તમ અવસર પ્રાપ્ત થવો એટલે નેતા કે શાસક બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું અને ઉત્તમ કક્ષાના માનવીઓ એટલી જ ઉત્તમ કક્ષાના વિચારો પણ ધરાવે છે. આપણે ચાલુ પગારે અઠવાડિયાની રજા મળી હોય ત્યારે તેનો શો ઉપયોગ કરવો એ વિશે ચર્ચા અને ચિંતન કરતા હોઈએ તો જેને પાંચ વર્ષ માટે ચૂંટીને શાસક બનાવવાના હોઈએ તેના વિશે પૂરતો અભ્યાસ કે તપાસ શા માટે નથી કરતા? જેટલી ફરજ નેતાની કે શાસકની સમાજ અને દેશ પ્રત્યે છે તેટલી જ આપણા સૌની પણ તેમને સાવચેતીથી પસંદ કરવાની અને ચૂંટાઈને આવ્યા બાદ તેમની પીસેથી કઈ રીતે કામ કરાવવું તે જોવાની છે. અને આ માટે આપણે પણ પીઢ બનતા શીખવું પડશે. બીજા કોઈને ખોટા પુરવાર કરવાની જરૂર અનુભવ્યા વિના જ આપણે આપણી સચ્ચાઈ વિશે સંતોષ લઈ શકીએ - ત્યારે આપણા પીઢપણાનો આરંભ થયો ગણાય.

તો આવો, લોકશાહીના આ મહાપર્વને પરિપૂર્ણ કરવાના પ્રયાસો સંપૂર્ણપણે શરુ કરીએ. સૌ સાથે મળીને સમાજ, દેશ અને આપણા સૌની પ્રગતિ માટે કટિબદ્ધ બનીએ. આપણી ફરજ શું છે તે આપણે જાતે જ સમજીએ અને તેનું પૂરેપૂરું પાલન પણ કરીએ.

**Last Seen :**

સાચું બોલવાનો આગ્રહ રાખનાર માણસ બિલકુલ નિર્દોષ હોય તો પણ દુઃખી થાય, એવો રુગ્ણ સમાજ આપણે કહેવાતા ધર્મની ઓથે રચી બેઠા છીએ. સર્વત્ર ઓચ્છવઘેલી, લાભઘેલી, અને લોભવેલી ધાર્મિકતાનો જયઘોષ સંભળાય છે, પરંતુ પ્રામાણિકતાનું અરુણ્યરૂદન ભાગ્યે જ કાને પડે છે.

- ગુણવંત શાહ

- nehalgadhavi101@gmail.com

# ફક્ત એફ.આઈ.આર.થી રાષ્ટ્રદ્રોહનો ગુનો બની શકે નહિ

## પ્રિવેન્સન ઓફ એન્ટિ સોશ્યલ એક્ટિવિટીઝ એક્ટ એ જાહેર વ્યવસ્થા સામેનો ખતરો ગણી શકાય નહિ




ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૪(ક) જેમાં રાષ્ટ્રદ્રોહનાં ગુના અંગેની જોગવાઈ કરવામાં આવી છે. કલમ-૧૨૪(ક) જણાવે છે કે, જે કોઈ વ્યક્તિ બોલેલા કે લખેલા શબ્દો વડે, ચિહ્નો વડે અથવા જોઈ શકાય તેવી નિશાનીઓ વડે કે અન્ય રીતે ભારતમાં કાયદાથી સ્થપાયેલી સરકાર પ્રત્યે ધિક્કાર અથવા તિરસ્કાર કે અનાદર પેદા કરે કે તેમ કરવાની કોશિશ કરે અથવા તેના સામે બેદિલી ફેલાવે કે તેમ કરવાની કોશિર કરે, તેને સાથે દંડ કરી શકાય છે.

જયારે આવું કોઈ કૃત્ય કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવે તો તેને જોગવાઈમાં જણાવ્યા મુજબ આજીવન કેદની અથવા સાથે દંડ કરી શકાય તેવી ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની શિક્ષા કરવાની જોગવાઈ આ સંહિતામાં કરવામાં આવી છે. ફક્ત કોઈ વ્યક્તિ વિરૂધ્ધ એફ.આઈ.આર. થવા માત્રથી તેની ઉપર પાસા કે રાષ્ટ્રદ્રોહનો ગુનો લાગુ પાડી શકાય નહિ. જ્યાં સુધી નામ.કોર્ટમાં ગુનેગાર સાબિત ના થાય ત્યાં સુધી તે વ્યક્તિ માત્ર તહોમતદાર છે, આરોપી નહિ. આરોપી મુકવા માત્રથી કે એફ.આઈ.આર. થી ગુનેગાર સાબિત થતો નથી. તેથી કોઈ વ્યક્તિ ઉપર ચાર કે પાંચ ગુનાની એફ.આઈ.આર. કરવાથી તેના ઉપર પાસા કે રાષ્ટ્રદ્રોહનો આરોપ મુકી શકાય નહિ.

જ્યાં સુધી રાજકીય નેતાઓ ધર્મને રાજનીતિથી અલગ નહિ કરે ત્યાં સુધી ધર્મના નામે આંદોલનો થતાં રહેશે અને ધર્મ, જાતિનાં ભેદભાવનાં નામે કોમવાદ વકરતા હિંસા ફેલાતી રહેશે અને હજારો નિર્દોષ યુવાનો તેનો ભોગ બનતા રહેશે તે નિર્વિવાદ હકિકત છે. જ્યાં શિક્ષણનો અભાવ છે. તેવા ક્ષેત્રોમાં રાજ્યોમાં ધાર્મિક ક્રૂરતા વધારે ફેલાય છે. જે હિંસામાં પરિણામતા વયમનસ્ય ફેલાતા નિર્દોષ લોકો ઉપર પણ ટોળાનાં ભાગરૂપે એફ.આઈ.આર.માં નામ દર્શાવી ૧૨૦(બી) કલમ લગાવી તડીપાર કે રાષ્ટ્રદ્રોહનાં ગુનામાં પાસા કરવામાં આવે છે. આવા સમયે સત્ય ક્યારેય સામે લાવવા કોઈ જ પક્ષ પ્રયત્ન કરતો નથી. કોઈ વખત ઉશ્કેરાટમાં, આવેશમાં આવી યુવાનો પોલિસ જવાનો ઉપર પણ પથ્થરમારો કરી આગ લગાડતા હોય છે. જાહેર માલ, મિલકતોને આવેશમાં, ઉશ્કેરાટમાં આવી તોડ-ફોડ કરી બસો સળગાવી જાહેર મિલકતને નુકશાન પહોંચાડવાનાં ગુના બદલ તથા જાહેર સેવકને માર મારવાનાં, ફરજ કરતા રોકવાનાં ગુનામાં અટકાયત કરી રાજદ્રોહની કલમ લગાવી એફ.આઈ.આર. કરી અટકાયત કરી, ત્યારબાદ પાસા કરવાની કે તડીપાર કરવાની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. માત્ર એફ.આઈ.આર.માં નામ હોવાનાં કારણે તડીપાર કે રાજદ્રોહનો ગુનો લાગુ કરી શકાય નહિ. તે બંધારણીય અધિકારીતા વિરૂધ્ધ છે. તેને પડકારતી રીટ નામ. સુપ્રિમ કોર્ટમાં તાજેતરમાં કરવામાં આવેલ છે. જેની સુનવણી આગામી સમયમાં નિર્ધારીત કરી ચુકાદો આવતા આખો મામલો સ્પષ્ટ થશે અને રાજ્ય સરકારને પોલીસ તંત્રને સ્પષ્ટ ગાઈડ લાઈન પાસા કે રાજદ્રોહ લગાડવાની નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવશે. જેથી નવલોહિયા યુવાનોએ ફક્ત એક જ વખત ધાર્મિક નેતા કે રાજકીય નેતાનાં ભાષણથી આવેશમાં આવી ઉશ્કેરાટથી કરેલા કૃત્યથી તેનું ઉજ્જવળ ભવિષ્ય બગડે નહિ, સરકરી નોકરીમાં પરિક્ષા આપવામાંથી વંચિત ના બને તેના બંધારણીય અધિકારોનું હનન ના થાય તે જોવાનું કામ નામ. સુપ્રિમ કોર્ટનું છે અને નામ. સુપ્રિમ કોર્ટનાં હુકમનું પાલન કરવાનું કામ રાજ્ય અને કેન્દ્ર સરકારનું છે. બહુમતી અને લઘુમતીમાં સમાનતાની તરફેણ કે વિરૂધ્ધની વાત કરનાર રાજકીય પક્ષોનાં હાથા બની યુવાનોનું ઉજ્જવણ ભવિષ્ય ના બગડે તે જોવાનું લોકતંત્રમાં કામ ન્યાયતંત્રનું છે. નિરપરાધ લોકો સજા-ભોગવે તે ન્યાયપાલિકા ક્યારેય સાંખી ના લે, પરંતુ સજા ભોગવે છે નિર્દોષ, પિડિત તે સનાતન સત્ય છે.

પ્રિવેન્સન ઓફ એન્ટિ સોશ્યલ એક્ટિવિટીઝ એક્ટ એ જાહેર વ્યવસ્થા સામેનો ખતરો ગણી શકાય નહિ. જાહેર વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થા વચ્ચેનું અંતર પણ સ્પષ્ટ છે. પોક્સો અને એક્ટ્રોસિટીના આરોપ બાદ પણ પાસા હેઠળ જેલમાં મોકલવાનાં હુકમો ગેર બંધારણીય છે. રાજદ્રોહમાં જન્મટીપ, દંડ અથવા ૩ વર્ષની કેદ અને દંડ અથવા દંડની જોગવાઈ છે.

માત્ર એફ.આઈ.આર. નોંધવાથી આરોપીને સમાજ સામેનો કે જાહેર વ્યવસ્થા સામેનો ખતરો ગણી શકાય નહિ, સાક્ષીના નિવેદનો, પંચનામાં કે પોલીસ ફરીયાદ ઉપર પાસા કરવી ન્યાયિક નથી. જાહેર વ્યવસ્થાનો ભંગ કરવો અલગ બાબત છે, પોતાનો સરકાર પ્રત્યેનો રોષ કાઢવો એ દરેક વ્યક્તિનો મૌલિક અધિકાર છે, પરંતુ તેનાથી સમાજ, દેશ કે જાહેર મિલકતને નુકશાન પહોંચાડી પોતાનો રોષ કે ઉસ્કેરાટ બહાર કાઢી નિર્દોષ લોકોને રંજાડી હેરાન, પરેશાન કરવાનો પરવાનો મળતો નથી, પરંતુ માત્ર એફ.આઈ.આર. થી પાસા તથા રાજદ્રોહનો ગુનો પણ નોંધી ના શકાય, તેના માટે ગુનો સાબિત થવો જરૂરી છે, જે કામ ન્યાયતંત્રનું છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in